શ્રી



ઈશ્વર સ્તુતી.

જય જય જય જગદાધારા,
જય પ્રભુ તારણ તરનારા,
જય વિભુ સૃષ્ટિ કરનારા,
સૌ સ્થળમાં સુખ દેનારા,
જય જગ સ્વામી, નિર્મળ નામી;
સદા અકામી, છો બહુ નામી.
રતી નહી ખામી, પ્રભુ સખ ધામી;
અંતરયામી, છો વિશ્રામી
સુખીઆ તારી, શકિત સારી
કરૂણાકારી, સઉ નરનારી,
સ્તુતી તમારી, કરશે સારી;
તે દીલ ધારી, લો ઉગારી,
પ્રભુ પદ મળવા, ફળ શુભ ફળવા;

પાપ પ્રજળવા, બંધન બળવા.
દુ:ખ દૂર ટળવા, દાંડો વળવા;
અકુળીત કળવા, ગુણ સાંભળવા,
જય ધરણીધર, જય કરૂણાકર,
જય અજરામર, જય પ્રભુ સુખકર,
શુભ મતિ ઉરધર, ભવ પતિ ભયહર,
પ્રભુ દુ:ખ દુર કર, અરજી ઉર ધર,
મંગળ દાતા, છો રસ રાતા,
પ્રભુ સુખસાતા, પિતા માતા,
શ્રેષ્ટ ગણાતા. ભકત જણાતા;
તે ગુણ ગાતા, પ્રભુ પ્રખ્યાતા,
પ્રભુ અરિ ગંજન, પરદુખ ભંજન,
ગરવા ગંજન, કહે જગજીવન,
બાળાબંધન, મહા સુખરંજન, પ્રભુ મારા જય.



श्लोक.

चतुर्भुजश्चक्रवरांगदास्युवः ॥ पीतांबरः कौस्तुंभ मालयालसन ॥
ध्यानेधृतोयेन न बोध काले ॥ वृथागतं तस्य नरस्य जीवितम् ॥

વસંત તિલકા છંદ

કૌસ્તુભ માળ ગળમાં પિત વસ્ત્ર અંગે,
છે ચાર ભુજ વળિ ચક્ર ગદાજ સંગે,
તેનું ન એકે ચિતથી ધર્યું ધ્યાન જેણે,
ખોયો વૃથા જન્મ જકત વિશેજ તેણે.

મારા વહાલા ભારતવાસી ભાઈઓ ! આ અપીલ હીંદવાસી ભાઇઓએ આપણા પ્રભુ પાસે કરવાની છે. શાહુ-ન્ન ભુજાનો નાથ કયારે આપણુન નીરાસ કરે છે ? પોતાના ભકતો માટે તો ૨૪ અવતાર લીધા છે અને હજુ ભકતો માટે તે દુર ગયો નથી, આપણે માટે તે પ્રભુએ કોઈ વાતની ખામી રાખી નથી, તદપી આપણે આપણી આપત્તિ માટે આડાં અવળાં ફાંફાં મારી તેને વીસારી દેવો એ કેવળ આપણા પ્રાયશ્ચિત નહી તો બીજું શું ? હવે આશા છે કે સૌ સૌના દેવ મંદીરોમાં મહારાજ તીલકના છુટકારાર્થે અવસ્ય આ અપીલ તમારો સેવક તમને અર્પણ કરે

છે જેથી તમો તેનો સદા પયોગ કરશો એમ આશા છે. દેશભક્ત તીલક મહારાજ પોતાનું બેહદ સુખ આપણે મા ટે ત્યજી દઈને જેલમાં મોટી તપશ્ચર્યા કરે છે, પણ તેને માટે આપણે ઇશ્વર પાસે છુટકો નહી માગીએ તો આપ ણી વિદ્વતામાં, અને બુદ્ધિ ચાતુરી વીગેરેમાં ખરી ખામી લાગે એમાં આશ્ચર્ય શું ? માટે તીલક મહારાજ તરફથી પ્રભુ પાસે આપણે તેમના છુટકામાટે મારી માગો કે ઇશ્વર પ્રિવિન્ઉન્સીલના ઈનસાફદારોના નીર્મળ અંતઃકરણમાં ઉ- તરે અને સુદ્ધ ન્યાય આપે એટલી મારી ભારતી ભ્રાત્ પ્રતિ વિજ્ઞપ્તિ છે. આ સ્તુતિમાં આપણું પણ શ્રેય છે.

તથાસ્તુ.

પ્ર. ક.

ભુજંગી છંદ.

નથી વિદ્વતા વાપરી દેશ કાજે
નથી વાપરી પાઇએ લોક લાજે;
નથી કામ કીધાં સ્વદેશાભિમાની,
વૃથા જન્મ ખોયો કરી શી કમાણી.
ભલે તે કહાવી બહુ લક્ષ્મી વાળો,
રુડો વૈભવી રાજવી ને રૂપાળો;
તથાપિ ન તેને વિવેકી વખાણે,
ભરે પેટ તે કાગ કીડા પ્રમાણે."

ભાઇઓ આ અસાર સંસારમાં સુખ અને દુઃખ તો આ
સ્ય આ દેહથી દુર થાય એમ નથી દુઃખ ... તેજ સુખ
પામે છે. પ્રભુની કૃપાથી સહન કરવાં શીખવા કહ્યું છે કે.

દોહરા.

પ્રભૂ કરે તે પ્રીતથી, સહેવું ગણિને સાર:
પ્રભુ સમકો સારો નથી, દીન દયાલ ઉદાર.
મોટી વેઠે આપદા, તેનો જશ ઉચરાય:
નળ, પાંડવને, રામની વાતો બહુ વંચાય.
જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોઇ;
જ્ઞાની ભોગવે ધૈર્યથી, મૂર્ખ ભોગવે રોઇ.
ગર્વભરે સુખ અવસરે, દુખ અવસર હરખાય;
જો રાખે અક્ષર લખી. આદિન પણ વહિ જાય.
મરદ દરદમાં ગરદ પણ, મરદ ગણે નહિ દરદ;
દરદ કહે તે મરદ નહિં. દરદ સહે તે મરદ.
સંકટની શંકા ધરે, તેથી ન કાંઇ થાય;
શીખે તરવા શિરી તે, જે જળમાં નહિં જાય.
પસ્તાઇશ નહિં પીંપળા, પેખિ પાનખરે માસ;
સદા નહિં રહે આ સમય, તનમાં ન ધરિસ ત્રાસ.
સુખ પાછળ દુઃખ દેખિયે, દુઃખ પાછળ સુખ હોય;
દિવસ ગયે રાત્રી પડે, રાત્રિ પછી દિન જોય.
કષ્ટ સહન કીધા વિના, પદ ઉંચુ ન પમાય;

પારો તાપ અધિક સહે, ઊંચો એમ જણાય.
દયાળું નિજ દુઃખ દેખિને, પરદુઃખ કરે વિચાર;
નિર્દય ન્યાલ થયા કહે, પંડે ઉતરી પાર.
હરકત કશીન હોત તો, શોભત નહિં સંસાર;
કશી ફીકર નહિ હોત તો, બાંધત શિદ ઘરબાર.
પાકે અન્ન અને અકલ, પાવક ફિકર થકીજ;
પણ સાધારણથી સરસ, નહિં તો નાશ નકીજ.
સુખ દુઃખથી હરખે રૂએ, મુવા પછી પસ્તાય;
સ્વપ્નામાં ફૂટે હસે; જાગૃત થઇ શરમાય.

ભાઇઓ આ અપીલ પરમેશ્વરી પ્રીવિ કાઉન્સીલમાં હીંદવાસી તમામ ભાઈઓએ જાતી ભેદ નહી લાવતાં હળી મળી કરવી જોઇએ. ધર્મનો સંદેહ લાવવો એ આ સમયે વ્યાજબી નહી ગણાસે. સને ૧૮૫૭ની સાલમાં બળવા વખતે શાહુજાદાને રોગ થયો હતો ત્યારે સરકારે જાહેરનામું કાડયું હતું કે હરેક ધર્મના લોકોએ પોત પોતાના દેવની પ્રાર્થના કરવી. તેનો દાખલો નીચે પ્રમાણે છે.

વિપત્તિ વિનાશ થવા, રાણી સરકારે જુઓ,
સર્વે પ્રજાને કહે છે ભેળનાં સંગરો,
પોત પોતાના પ્રભુની પાસે કરો પ્રારથના,
હાથ જોડી   કે આ વિપત્તિ હવે હરો;
જો તે સરકાર પર ધર્મન જુઠા ગણત,
તો શા માટે કહેત જે એવી રીતે આચરો;
એમ સ્વદેશનું સદૈવ શુભ ઇચ્છનારા,
એમ શા દીલમાં કદાપી કાળે ના ધરો.

શ્રી

" પરમેશ્વરી પ્રીવિ કાઉન્સીલ " માં દેશમાન્ય તીલક મહારાજના છુટકારાર્થે ભારતવાસી દેશભકતોએ કરવાની અપીલ

સ્તુતિ.

રાગ બનજારો

પ્રભુ સેવક તીલક તમારો, કરી કૃપા તંગ ઉગારો,
તું દયા દાન દેનારો, હરી ભકત તીલકને તારો......૧
હે વૈકુંઠ કેરા વાસી, કરે વિનતા [1]દાસને [2]દાસી
હરી સુણીને અમ પોકારો. હરી ભકત તીલકને તારો...૨
જે દુઃખ દેશનું જાણે, તે મોજ જેલમાં માણે ?
શું વેદ ધર્મનો ધારો ? હરી ભકત તીલકને તારો...૩
શું તીલક શત્રુ તમારો, કેમ ગર્ભ વિષે નહિં માર્યો !

૧—૨—દાસ દાસી. હીંદના સ્ત્રી પુરૂષો.

તેં જેર કર્યો જન મારો. હરી ભકત તીલકને તારો...૪
શું કષ્ટ તમોને દીધું, ? શું હરણ સીતાનું કીધું ?
તું રૂક્ષ્મણી હરનારો હરી ભકત તીલકને તારો......૫
તેં સમુદ્ર મંથન કીધો, શું માલ તીલકે લીધો ?
તું ચૌદ રત્ન ચોરનારો. હરી ભકત તીલકને તારો ...૬
શું છળ બળ તીલકે કીધું, શું ગુપ્ત સુધા કંઇ પીધું ?
તું કુંભ સુધા છળનારો. હરી ભકત તીલકને તારો...૭
શું તીલક શીર બદનામી, શું ગણ્યો તીલકને કામી ?
વૃંદાને તું છળનારો. હરી ભકત તીલકને તારો......૮
શું તીલકે કોઇને માર્યો ? શું ધર્મ ધરા પર હાર્યો ?
(તે) વણવાંકે વાળી માર્યો. હરી ભકત તીલકને તારો...૯
તેં માર્યો વાનર વાળી, સોંપી સુગ્રીવને નારી;
ઓથું લઇ વધ કરનારો, હરી ભકત તીલકને તારો...૧૦
શું સવળાં કીધાં કામો, તેં માર્યો તારો મામો;
(જરી) પોતાનું પોત વિચારો હરી ભકત તીલકને તારો...૧૧
તું થયો બાળ બ્રહ્મચારી, સોળ શહસ્ત્ર કીધી નારી;
કુબજાને વશ રહેનારો. હરી ભકત તીલકને તારો.....૧૨
મીરાંનો વીષનો પ્યાલો, વાલમ લાગ્યો કેમ વહાલો;
૧શંકરને વિષ પાનારો, હરી ભકત તીલકને તારો...૧૩

---

૧ શંકરને–સમુદ્ર મંથન કીધો ત્યારે શંકરને વિષ કેમ પાયું? અને મીરાંનું વિષ કેમ પીવાયું?

ઉચ્છીષ્ટ આહીરનું ખાધું, જગમાં તું સાચો સાધુ;
સબરીના ફળ ખાનારો, હરી ભકત તીલકને તારો......૧૪
વિદુરે જમાડયા ભાજી, ત્યાં થયાજ રાજી રાજી;
આખર તું રાબ પીનારો, હરી ભકત તીલકને તારો...૧૫
તેં પાંચે પાંડવ પાળ્યા, કુળ કૌરવ કેરા બાળયાં;
પારથનો રથ ખેડનારો, હરી ભકત તીલકને તારો.. ..૧૬
જાળંધર યોધ્ધો માર્યો, જનમારો *સતીનો બાળ્યો;
(હજી) પુંજાયે તુલશી કયારો, હરી ભકત તીલકને તારો...૧૭
ત્યાં શ્રાપ સતીનો પામ્યો; યશ અવનિમાં શું જામ્યો;
ત્યાં ચોંટયો ચાંદલો કાળો, હરી ભકત તીલકને તારો...૧૮
નરસૈંયાને દુઃખ તેં દીધું, આખર મોસાળું કીધું;
ત્યાં વખોડ તું ખાનારો, હરી ભકત તીલકને તારો......૧૯
કુંડીમાં હાડ ધીકાવ્યા, તેં તારથ વાસી તાવ્યાં;
દેહ બાળી ઠામ દેનારો, હરી ભકત તીલકને તારો...૨૦
ઉજવામાને દુઃખ દીધુ, અધરા મૃત તેનું પીધું,
છેવટ તું છેહ દેનારો, હરી ભકત તીલકને તારો.........૨૧
જનમો દેવકીની કુખે, મહાલ્યા ગોકુળમા સુખે,
થયો નંદ યશોમતી પ્યારો, હરી ભકત તીલકને તારો...૨૨
રઘુકુળમાં જન્મ ધરીને, નર્થ એહા સ્થિર કરીને,
રાક્ષસકુળને હણુનારો, હરી ભકત.....................૨૩
નથી કષ્ટ તાતનું જાણ્યું, સુખ વનનું મોટું માન્યું,
વાનર સંગ લાગ્યો સારો, હરી ભકત..................૨૪

---

* સતી વૃંદાનો

ઘેર મર્ણ થયું પીતાનું, વન હર્ણ થયુ સીતાનું,
ક્યાં હતો કષ્ટ કિનારો, હરી ભક્ત... ....૨૫
તેં કાઢી સતીને વનમાં, નહી જ્વાળા પ્રગટી તનમાં,
નિર્દય તું દયા તજનારો. હરી ભક્ત..................
તમે લોહ સ્તંભમાં પ્રગટ્યા, નહીં અનલ થકિ પણ અટક્યા,
દાવાનળ તું પીનારો હરી ભક્ત... ....૨૭
તેં વેશ વામનનો લીધો, ભંગ યજ્ઞ બળીનો કીધો,
ત્રણ પદ પ્રથ્વિ લેનારો હરી ભક્ત......................૨૮
હરી તમે ગમે તે કરશો. નહીં બોલ્યું હદે ધરશો
પુત્રોના તાપ નિવારો, હરી ભક્ત.......................૨૯
તમે અધમ અજામેલ તારી, વળી અહલ્યાને ઉગારી,
છોડ્યો ગજ બંધન ગારો, હરી ભક્ત....................૩૦
તમે શ્યામ મેઘ છોડાવ્યો, (જ્યારે) ૧વાસવે મેહ વર્સાવ્યો.
ત્યારે ગોવર્ધન કર ધાર્યો. હરી ભક્ત................૩૧
તમે ભક્ત સુદામા તાર્યા. સુત સંદીપને ઉગાર્યા;
તમે વહ્યો ×કાષ્ટનો ભારો. હરી ભક્ત................૩૨
ભલે પ્રાણ અમારા હરજો, (પણ) તીલકનું રક્ષણ કરજો;
છે છેલ્લા અમ ઉદ્દગારો. હરી ભક્ત................૩૩
વિ૧ ફેડી વિષયા કીધી, (તેમ) મતી દાસરને નહીં દીધી ?
શું સમય તણો પળકારો. હરી ભક્ત ૩૪
કરજોડી ચરણે નમીએ, નહીં દેશ ભક્તને દમીએ;

૧--ઈંદ્રરાજ × ગુરુને લાકડાનો ભારો લાવતા હતા.

(ત્હારા) શુભ નષ્ટ થયા વિચારો. હરી ભક્ત.........૩૫
પ્રભુ બળતાને નહીં બાળો, શું એટલા માટે પાળો ?
નથી છુટકો એમ થનારો. હરી ભક્ત...............૩૬
શું ભાગ્ય ભારતના વાંકા, થઇ તોજોરી તુટયાં *ટાંકાં;
વિવિધ ભાગ્યા વ્હેપારો. હરી ભક્ત..................૩૭
જેણે ગુણ દેશના ગાયા, તે રુડા રાણી જાયા;
શું ખપના હોય હજારો. હરી ભક્ત...............૩૮
ભીડ ભંજન નામ ધરાવો, ત્યારે કરીએ છે દાવો;
પળ વાર કરો ન ઉધારો. હરી ભક્ત............૩૯
હરી વિલંબ કરોછો સાને, હજી છે પુસ્તકને પાને;
તે વાત કેમ વિસારો. હરી ભક્ત..................૪૦
કંસે કાળા ગ્રહ નાખ્યા, દુઃખ માત પિતાએ સાંખ્યા;
શું ભુલ્યો સમજ તે તારો. ? હરી ભક્ત............૪૧
શું સુખમાં છાકયા આજે. પ્રભુ શાસ્ત્ર પુરાણો લાજે;
ગરૂડ ચડી આપ પધારો. હરી ભક્ત...............૪૨
નથી બેઠા આપ નીરાંતે, અતી કષ્ટ સહયાં છે જાતે;
છે વારા ફરતી વારો. હરી ભક્ત..................૪૩
શું જુવો તમે તમાસો, હવે છોડો વૈકુંઠ વાસો;
દુઃખ દાવા નળ વિદારો. હરી ભક્ત...............૪૪

---

* હીંદમાં ટાંકામાં નાણા રાખનાર હતા.

બેઠા હોય ત્યાંથી આવો, ૧ગંગાધર બાળ બચાવો;
ગાયન સુતનું ગણકારો હરીભકત....................૪૫
શુણી અરજી લેસો આથાં, તો ખોટાં પડસે થોથાં,
ભુલાય નહી ભણકારો. હરીભકત....................૪૬
હવે બેહેરા આપ ન થાસો, નિશ્ચે કાલા કહેવાસો;
નથી સુજવાં કંઈ હથીઆરો. હરીભકત..............૪૭
હરી લાજ તમારી જાસે, ગુણ કોણ જકતમાં ગાસે;
આખર કહેસે ગોવાળો. હરીભકત....................૪૮
હરી ક્રોધ ભારત પર કીધો, નથી રસ્તો લીધો સીધો;
હવે આપો સુખનો વારો હરીભકત..............૪૯
બાવનમાં મરકી ચાલી, તેં આપી તેને બહાલી;
હજી ચાલુ છે ચમકારો હરીભકત.................૫૦
છપનમાં દુકાળ છોડયો, મરકી સાથે તેં જોડયો;
+રંડાપો કોને પ્યારો. હરીભકત....................૫૧
હજી સુખનો દીન નવ દીઠો, ચીંત્તાનો વાંચી ચીઠો;
કરી કૃપાનાથ ઉગારો. હરીભકત....................૫૨
શું ઠપકો તમને દઇએ, શું ઝાઝું બીજું કહીએ;
સમજુને સ્હેજ ઇસારો. હરીભકત.................૫૩
હવે વારંવાર ન કહીશું, હજી કષ્ટ હસે તો સહીશું;
(તમે) કેમ સ્હેસો હરી ફીટકારો. હરીભકત.........૫૪

---

૧ ગંગાધર-બાળ તીલકના પીતા +—રંડાપો મરકીને દુકાળ બેને જોડી નાખ્યા તેથી તે બન્ને જણને છુટા થવાનું ગમતું નથી. રંડાપો કોને વહાલો હોય ?

તું દેશભકતને દમસે, ત્યારે—તુજને કાણ નમસે;
ભારત છે દુઃખ સહેનારો. હરીભકત..................૫૫
સુખમાં નવ જાસો ભુલી, ઉગારો સુતની શુળી;
હરી કોઇ નથી કહેનારો. હરી ભકત..............૫૬
અવગુણ અસંખ્ય અમારાં, અમે પુત્રો જાણી તારા;
દુર કર દુર્ગુણ ભંડારો. હરી ભકત... .... ૫૭
અપરાધ ક્ષમા કર હાવે, કરગરિ કહિએ નીરદાંવે;
ભવ ભારતનો સુધારો. હરી ભકત..................૫૮
ત્રીસક્રોડ ચડયા ચગડોળે, શીર મુકયું તારે ખોળે;
કાં મારો કે પછી તારો. હરી ભકત................૫૯
આશા અંતર છે તારી, વિનવે સરવે નરનારી;
નથી અવર હરી ઓવારો. હરી ભક્ત..............૬૦
અમ અરજી અંતર ધરજો, સંકટ સુતના સંહરજો;
ગણસો નહિ લેશ લવારો. હરી ભક્ત...............૬૧
અંતરની વાતો જાણો, કંઇ દયા દીલમાં આણો;
(તને) અવનિમાં કોણ અકારો ? હરી ભક્ત.........૬૨
પીતાને મન સૌ સરખા, પુસ્તક પાનેથી પરખ્યા;
દુર કરો લોભ વિકારો. હરી ભકત..................૬૩
જગજીવન કે' કરજોડી, વિનંતી થોડી થોડી;
છબીલાજી કર છુટકારો. હરી ભકત..................૬૪